સને વર્ષ-૨૦૧૯-૨૦ના ફેરફાર કરેલ અંદાજપત્રમાં "ડીસેલીનેશન પ્લાન્ટની સ્થાપના" અંગેની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ- બીયુડી-૧૦૨૦૧૯-૨૬૯૨૩૨-ખ-૩,

સચિવાલય, ગાંધીનગર,

તા. -૦૮-૨૦૧૯

2 8 AUG 2019

વંચાણે લીધાઃ-

૧. નાણાં વિભાગના તા.૨૪/૦૯/૨૦૧૯ના પરિપત્ર નં.અપબ-૧૦૨૦૧૯-૪૩૯-ક

૨. ગુ.પા.પુ.અને ગ.વ્ય. બોર્ડનો તા.૨૫-૦૬-૨૦૧૯ના પત્ર ક્ર જા.નં./મોનીસેલ/પીબી-૨/વર્ષ ૨૦૧૯-૨૦/નવી બાબતો/કેમ્પ.

પ્રસ્તાવનાઃ-

પાણી પુરવઠા પ્રભાગ દ્વારા રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડથી સમગ્ર સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત તેમજ કચ્છના ૧૨૦૦૦ થી વધારે ગામો અને ૨૦૦ ઉપરાંત શહેરોને ૩૦૦ કરોડ લીટરથી વધારે દૈનિક પીવાના પાણીનો જથ્થો પુરો પાડવામાં આવી રહેલ છે .

પાણી પુરવઠા ગ્રીડ તેમજ નર્મદાના એકમાત્ર પીવાના પાણીના સોર્સ પર અવલંબિત રહેવાને બદલે તેને સમાંતર સ્થાનિક કક્ષાએ પીવાના પાણીનો સોર્સ ઉભો કરવા હેતુ ગુજરાતના ૧૬૦૦ કી.મી .લાંબા દરીયા કાંઠે આવેલી વિશાળ જળરાશિનો ઉપયોગ કરીને સ્થાનિક જળસલામતિ પ્રદાન કરવા હેતુસહ, સ્થાનિક જરૂરીયાત મુજબ ભાવનગર જિલ્લાના ઘોઘા, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી/ગોરીજા તેમજ કચ્છ જિલ્લાના માંડવી ગુંદીયાળી તથા મુન્દ્રા ખાતે ૫૦ MLD, ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડા વડોદરાં ખાતે ૩૦ MLD અને પોરબંદર જિલ્લાના ઓડાદર, અમરેલી જિલ્લાના પીપાવાવ ખાતે ૨૦ MLD માટે દરિયાના પાણીમાંથી મીઠું પાણી બનાવવા વર્ષ ૨૦૧૯-૨૦ના ફેરફાર કરેલ અંદાજપત્રમાં "ડીસેલીનેશન પ્લાન્ટની સ્થાપના" માટેની રૂ.૧૦૦૦૦.૦૦/- લાખની નવી બાબતની દરખાસ્ત સંદર્ભ-૨ના પત્રથી મળેલ. જેનાથી છેવાડાના ગામોમાં પાણીની સુવિધા સુનિશ્ચિત થશે જે નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે પાણી પુરવઠા પ્રભાગની માંગણી નં ૪૭, મુખ્ય સદર ૪૨૧૫ પેટા મુખ્ય સદર -૦૧, ગૌણ સદર-૧૦૨, પેટા સદર-૨૮ હેઠળ "ડીસેલીનેશન પ્લાન્ટની સ્થાપના"ની રૂ.૧૦૦૦૦.૦૦ લાખની નવી બાબતને ખર્ચ કરવા માટે નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

)૧( આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

)૨( પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) ટેન્ડર પ્રોસેસીંગમાં આ કામના સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના આપેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ -૧૦૨૦૧૫-૧૪૦૭-ચ, તા.૦૩/૦૬/૧૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ તથા તા.૦૪/૧૦/૧૭ના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-છમાં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આલેખન અને નકશા પર સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૬) રજૂ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએથી ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૭) સૂચિત કામો મનરેગા હેઠળ લેવાના થતાં હોય તો આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજુરો દ્વારા જ કરવામાં આવે તેની અચૂક તકેદારી લેવાની રહેશે.

(૮) પ્રસ્તુત કામગીરી માટે જરૂરી હોય ત્યાં ડીટેઈલ સર્વે, ઈન્વીસ્ટીગેશન તથા જ્યાં જરૂરી હોય ત્યાં લોક સહકાર, વનવિભાગની પૂર્વ મંજૂરી, જમીન સંપાદન મેળવ્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાનો રહેશે. પ્રસ્તુત કારણોસર સમય મર્યાદા વધારાના કિસ્સામાં ટેન્ડરના કોઈ પણ ક્લોઝની જોગવાઈથી નાણાકીય ચૂકવણાની મંજૂરી આપી શકાશે નહી.

)૯( આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

Scanned by CamScanner

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૦૯/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ડૉ. ધીમંત બી.વ્યાસ )
મુખ્ય ઇજનેર અને અધિક સચિવ (યોજના)

પ્રતિ-

- સભ્ય સચિવશ્રી, ગુ.પા.પુ.અને ગ.વ્ય. બોર્ડ, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, જીડબલ્યુઆઈએલ, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ, ગુજરાત.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

નકલ રવાના:-

- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા વિભાગ), ના રહસ્ય સચિવશ્રીસચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(પા.પુ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.)નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(જ.સં), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી(બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઈલ.

Scanned by CamScanner